Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue-17 | October – December 2016

# "ગ્લોબલ વોર્મિંગ" આપણા સૌ માટે એક પડકાર

આજનો ભારતીય સમાજ ગઇકાલના સમાજ કરતાં પોતાને વધુ સભ્ય, સુસંસ્કૃત અને વિકસિત સમજે છે. સામે જે આજે વિજ્ઞાન અને ટેકનોલોજીએ ચમત્કાર સર્જી દીધો છે. વિકાસના પરિણામ સ્વરૂપ આજે ભૌતિક સુવિધાઓ અકલ્પનીય સ્તરેવધી છે. માનવી આ સુવિધાઓનો પોતાની સમજ અનુસાર ઉપયોગ પણ કરે છે. ભૌતિક સગવડો વધે અને સુખાકારી પ્રાપ્ત થાય તે ઉત્તમ વાત છે. પરંતુ સમગ્ર સૃષ્ટિના સર્જકે જે પ્રકૃતિ-પર્યાવરણનું નિર્માણ કર્યુ છે તેનું નિર્દયી રીતે નિકંદન કાઢી આજનો માનવી વિકાસના રૂપકડા શબ્દની આડ નીચે ઝાંઝવાના જળ જેવી સુવિધાઓ ઊભી કરે છે. જેનાં ફળસ્વરૂપે આજે વિશ્વ સમક્ષ "'ગ્લોબલ વોર્મિંગ" નામનો રાક્ષસ મોઢું પહોળું કરી સમગ્ર જીવસૃષ્ટીને આરોગવા તૈયાર થઇ ગયો છે.

'ઔદ્યોગિક કાંતિ દ્વારા વિકાસ' નું વળગણ પશ્ચિમના દેશોને વળગ્યું અને આ વળગણને ચમત્કાર સમજી વણવિચાર્યે દુનિયાભરના દેશોએ હોંશેહોંશે સ્વીકાર કરી ઉધોગોમાં અગ્રેસર બનવાની હોડ લગાવી. ઔધોગિક વિકાસ થયો તે સારી વાત છે, પરંતુ કોઇપણ પ્રગતિના મૂળમાં માનવજાત સુખ, શાંતિ અને સમૃદ્ધિ શોધતી હોય છે. ઘણી શોધોના પરિણામો એવા છે કે આપણે તે શોધથી ખૂબ વિકસિત અને સમૃદ્ધ થયા હોય તેવો અહેસાસ થાય છે. પરંતુ એ જ શોધથી ઉપલબ્ધ સુવિધા લાંબા સમયે જ્યારે માનવજાતને હાની પહોચાડવાનું શરૂ કરે છે ત્યારે આપણે સફાળા જાગીએ છીએ અને તેનાથી બચવાના ઉપાયો શોધવાની શરૂઆત કરીએ છીએ જેથી "મુર્ખાઓ જે છેલ્લે કરે છે તે ડાહ્યાઓ પહેલા કરે છે." તે ઉક્તિ અહીં સાચી ઠરે છે.

આજે વિજ્ઞાન અને ઉધોગોએ આપણને એરકન્ડીશનર અને એરકુલર આપ્યુ પણ વડલા નીચેની જે શીતળતા હોય છે તેવો એહસાસ નથી. મોટા મોટા રસ્તા અને હાઇ-વે બન્યા જેના પર સો-સવાસની સ્પીડથી ચાલતી ગાડીઓ પણ બની પણ ઝાડીઓ વચ્ચે રેતાળ, ઊબડ-ખાબડ રસ્તાઓ પર ચાલતા રથ કે ગાડાની મુસાફરીનો આનંદ નથી. એટલે જ તો માણસ આજે રોજિંદાજીવનની દોડાદોડથી થાકી રજાઓના સમયમાં પર્વતો, નદીઓ, જંગલો, પ્રાકૃતિક સોંદર્ય જ્યાં હોય ત્યાં દોડી જાય છે. પ્રાકૃતિક સોદર્ય અનેરા સર્જનનો માનવી પોતે નાશ કરી રહ્યો છે. કુદરતની આ અમુલ્ય સંપત્તિની જાળવણીનો વિચાર સુધ્ધાં મનુષ્ય ભુલી ગયો છે.

ઔધોગિક કાંતિ દ્વારા ઘન, પ્રવાહી કે વાયુ સ્વરૂપે જે કચરો પેદા થાય છે તે તમામ કચરો ધરતી પર ખડકાતો ગયો. હવા પ્રદૂષિત થઇ, જમીન પ્રદૂષિત થઇ, નદીઓ પ્રદૂષિત થઇ, ઉદ્યોગો અને વિકાસની આડ નીચે જંગલો કપાતા ગયા, વૃક્ષો ઘટ્યાં, પાણી પ્રદૂષિત થયું અને આમને આમ વર્ષોથી ચાલવા લાગ્યુ. કુદરતને વાતાવરણના મિજાજને બદલ્યો, મોસમ અનિયમિત  થવા લાગી ત્યારે કહેવાતા ડાહ્યા લોકો ઊછળી પડ્યા અને વિશ્વને લાલબત્તી આપી કે, આ તો ગ્લોબલ વોર્મિંગની અસર છે. માટે જાગો નહીં તો  વિશ્વ

વિનાશની ગર્તમાં ધકેલાઇ જશે. તો શુ આ સ્થિતિ આવ્યા પુર્વે સુવિધાઓ, સાધનોને વાપરવાનો સંયમ રાખ્યો હોત તો આજે ગ્લોબલ વોર્મિંગની ચિંતા કરવી પડી હોત !

આપણે બધા જ જાણીએ છીએ કે આજથી થોડાં વર્ષો પૂર્વે ઘણી જગ્યાએ જમીનમાંથી ઉછળતું પાણી નીકળતું હતું. જમીનમાં ખોદકામ કરવામાં આવે તો માત્રઅડધા ફૂટે ભીની-શીતળ માટી નીકળતી હતી. ખેડૂતો કુવા બનાવી કોષ દ્વારા સિંચાઇ કરતા હતાં. ઇ.સ. ૧૭૬૮માં વરાળયંત્રની શોધની વિશ્વમાં એકાએક બદલાવ શરૂ થયો. વરાળયંત્રથી ઉષ્માશક્તિનું યાંત્રિકશક્તિમાં રૂપાંતર થઇ શક્યું. વિશ્વના ઇતિહાસમાં પ્રથમ વાર એવુ બન્યું કે માણસને નિર્જીવ પદાર્થમાંથી તાકાત એટલે ઉર્જા પ્રાપ્ત થઇ. ધીરે ધીરે પ્રગતિ થતી ગઇ અને ડીઝલ મશીન દ્વારા સિંચાઇ થવા લાગી ત્યાર બાદ સબમર્સીબલ પંપથી જમીનમાં કાણું પાડી પાણી ખેંચાવા લાગ્યું અને નિષ્ણાતો ગાંડાતૂર થઇ ગયા. મનમાં એક વિચાર સ્થિર થયો કે આ જમીનમાં તો અઢળક પાણી છે. એટલે આ પાણી દ્વારા ખેતીવાડી કે ઉધોગોમાં પૈસા કમાવવાની એક પણ તક જતી ન કરો ! આંધળી દોટમાં પાણી વાપરવાનો 'સંયમ' તૂટી ગયો. સબમર્સીબલના સંશોધનથી આપણે ઘણો લાભ થયો પરંતુ તેના ઉપયોગ માટનો 'સંયમ' ભૂલી ગયા. પાણીનો ખેડૂતો, ગૃહિણીઓ તથા ઉધોગગૃહોએ બેફામ વ્યય કર્યો. પરિણામ શું આવ્યુ ? કુદરતનો આ અમુલ્ય ધોધ માત્ર પચ્ચીસ-ત્રીસ વર્ષમાં આપણે ખોઇ બેઠા. જમીનની ભીનાશ અને ફળદ્રુપતા ચાલી ગઇ. પાણી અશુદ્ધ થવા લાગ્યુ. પોતાની શીતળતા ખોઇ બેઠું. તેમ છતાંય આ ધરતીમાતાને હજાર-બે હજાર ફૂટ સુધી ચુસી લીધી જેથી ધરતી શુષ્ક થવા લાગી. છેવટે નપાણીયા પ્રદેશોમાં પરિણમી ત્યારે એકાએક કહેવાતા ડાહ્યા લોકો જાગ્યા અને વિચાર સૂઝ્યો કે અરે ચોમાસાનું પાણી રોકી જમીનમાં ઉતાર્યું હોત, તળાવો મોટા કર્યાં હોત, ચેકડેમ બનાવ્યા હોત અને ચોમાસાના ટીપેટીપાં પાણીને દરિયામાં જતાં રોકી યોગ્ય ઉપયોગ કર્યો હોત તો ! આ કામ શરૂ પણ કર્યા. જેના સારા પરિણામો પણ પ્રાપ્ત થયા છે. તો શું જ્યારે પાણીને બેફામ લુંટતા હતાં ત્યારે આ કર્યું હોત તો ? શું તે સમય આ નહોતું થઇ શકતું ? શું પાણીની બચત ન થઇ શકે ! શું પાણીનો વ્યય ન અટકાવી શકાય ! શું પાણી જેવી અનિવાર્ય જરૂરિયાત અંગે આપણે સૌ ગંભીરતાથી આયોજન ન કરી શકીએ? વિજ્ઞાને જીવન સરળ બની શકે તેવા સાધનો આપ્યા.પણ માનવી 'વિવેકશૂન્ય' બની જો પર્યાવરણની ચિંતા ન કરે તો પચ્ચીસ-ત્રીસ વર્ષોમાં પાણીની જે સ્થિતિ થઇ તે સ્થિતિ સમગ્ર જીવસૃષ્ટીના અસ્તિત્વ માટે થશે. માટે હજૂ પણ જાગવાનો સમય છે. હજૂ પણ માનવમાત્ર પ્રકૃતિ પર્યાવરણની મહત્તા સમજી ભૌતિક સંપદાને વાપરવાનો સંયમ દાખવે તો ઘણું થઇ શકે અને સમગ્ર જીવસૃષ્ટીના વિનાશ માટે મોઢું પહોળું કરી ઊભેલા 'ગ્લોબલ વોર્મિંગ' નામના રાક્ષસને દૂર ધકેલી શકાય.

કુદરતના આપણને વિનામુલ્યે કેટલું આપે છે તેનો ક્યારેય અંદાજ લગાવ્યો છે? માનવી પોતાના સાઇઠ વર્ષના આયુષ્ય સુધીમાં આજની બજારકિંમત મુજબ એક કરોડથી વધુ કિંમતનો ઓક્સિજન મફતમાં લે છે. પાણીતો આજકાલ પડીકામાં મળે છે. જેને તમારી દિનચર્યામાં વાપરતાં પાણીનો સરવાળો કરી કિંમત લગાવી શકાય. આ ઉપરાંત વનસ્પતિ-વૃક્ષો દ્વારા માનવજાતની બધી જ જરૂરિયાતો સંતોષવાનું કામ પર્યાવરણ કરે છે. તો શું પર્યાવરણ આપણને ટકાવી રાખે છે તેનું રક્ષણ કરવાની આપણી જવાબદારી નથી ? કુદરત પાસેથી આપણે જે લઇએ છીએ તે આપણી ભાવિ પેઢી માટે બચાવી તેનું સંવર્ધન કરવાની આપણી જવાબદારી નથી ? શું આપણી સંસ્કૃતિના સંસ્કારો કુદરતી સંપદાનું જતન કરવાની પ્રેરણા નથી આપતા ? શું આપણી ભાવિ પેઢીને પુર, ભુકંપ, વાતવરણની અનિયમિતતા, અસહ્ય તાપમાન, અસહ્યઠંડી જેવી ગ્લોબલ વોર્મિંગની આડપેદાશોમાંથી બચાવવા એક વ્યક્તિ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન ન કરી શકે ? આ

જવાબદારી માત્ર સરકારની કે સંસ્થાઓની જ નથી પણ આપણે આ કુદરત દ્વારા જે મફતમાં જે લુંટીએ છીએ તે પરત કરવાની નૈતિક જવાબદારી આપણી છે જ. જો આ બધા પ્રશ્નો તમને યોગ્ય અને ઉચિત લાગતા હોય તો આજે જ સંકલ્પ કરો કે "" જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીશ અને એનો ઉછેર કરીશ, અન્ય એક વ્યક્તિને વૃક્ષ વાવીને ઉછેર કરવાની પ્રેરણા આપીશ. પ્રાપ્ય સ્રોતોનો વિવેકપુર્ણ ઉપયોગ કરીશ અને સંયમિત ઉપભોક્તા બનીશ."" મોટી મોટી વાર્તાઓ, સેમીનારો, પ્રદર્શનોની સાથે-સાથે આપણે 'ગ્લોબલ વોર્મિંગ' નામના રાક્ષસને ધરાશાયી કરવા શક્તિમાન બનવુ પડશે.

## સંદર્ભ :


I. ગ્લોબલ ફાઈટ વીથ ગ્લોબલ વોર્મિંગ,ડો.મુકેશ પટેલ (૨૦૦૯).


************************************************************************


**Dr. Mukesh G .Patel**
Director, Physical Education & Sports
Indian Institute of Teacher Education
Gandhinagar

**Mr. Ashok B. Prajapati**
Research Associate
Indian Institute of Teacher Education
Gandhinagar


Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat